जैन ज्ञानोदय काव्य.

જૈન ધર્માભિલાષિ ગુણજ્ઞ સજ્જનોને સારૂ

પ્રગટ કર્તા.

श्री जैनविद्यो तेजक सभा

અને

श्री जैन ज्ञान वर्धक मंडळी

દુહો.

ચોવીશ તીર્થંકરને, નમીએ વારંવાર;
કરજોડીને વીનવું, આ ભવપાર ઉતાર.

સુરત.

“સુરત સીટી સેન્ટ્રલ પ્રેસ” માં કેસુરજી
રૂઘનાથજીએ છાપી.

સંવત ૧૯૪૩——સને ૧૮૮૭

કીમત બે આના

પ્રસ્તાવના

સર્વે જૈની ભાઈઓને વિદીત કરવામાં આવે છે કેશ્રી સુર્યપુરમાં શંવત ૧૯૪૦ ના ચૈતરશુદી બીજને દીવસે "શ્રી જૈન જ્ઞાન વર્ધક મંડળી" સ્થાપી, ત્યાર પછી શંવત ૧૯૪૦ ના શ્રાવણ મહીનામાં આ મંડળી તરફથી "જૈન રસીક સ્તવનાવળી" નામની ચોપડી બહારપડી, ત્યાર પછી બીજા કેટલાએક અતી સુંદર સ્તવનો છપાવાની આપણા જૈની ગ્રહસ્થો તરફથી માંગણીઓ આવ્યાથી અમોએ અમારી અલ્પ મતીથી આ લઘુ ગ્રંથનું નામ "જૈનજ્ઞાનોદય કાવ્ય આપી બહાર પાડેલો છે.

આ લઘુ ગ્રંથની અંદર આ મંડળી કૃત્ય સોત્રીશી. પરાણ સ્તવનો, લાવણીઓ, ગરબાઓ, હોરીઓ. વગેરે નવી તરેના રાગ રાગણીથી ભરપુર. અને છેલે મહા મુની રાજ્ય શ્રી ર શ્રી શ્રી ૧૧ શ્રી શ્રી. આતમારામજી (આનંદ વીજયજી) મહારાજનો ટુંક જન્મ ચરીત્રની લાવણી પણ દર્શાવેલી છે.

ચોપડીની અંદરના રાગો અમારી પ્રયંત કોઈએ [illegible] પાડેલા જણાયા નથી.

પ્રિય વાંચનારા "શ્રી જૈન જ્ઞાન વર્ધક મંડળી" ને આ શ્રો આપવાને વાસ્તે " જૈન વિદયો તેજક સભા" શંવત ૧૯૪૨ ની ચૈતર સુદ બીજને દીવશે શ્થાપન થઇલી છે.

હે સુજ્ઞ લક્ષણવંત જૈની ગ્રહસ્થો આ પુસ્તકમાં દ્રષ્ટી દોષ થી અમારા અલ્પ મતીના સભાસદોની ચુક માલમ પડે તો ક્ષમાકરી તે બાબત લખી જણાવવા તસ્દી લેશોજી.

સંવિજ્ઞ પક્ષી ગુણગણ યુક્ત મુની રાજયને આ ચોપડી પઠન પાઠન કરવા જોઇશે તો તેમને ઘણીજ ખુશીનીસાથે અપણ કરવામાં આવશે.

આ પુશ્તકની આશાતના કરવી નહી કારણ કે આશાતના કરવાથી અજ્ઞાનપણું પ્રાપ્ત થાય છે. અર્થાત જ્ઞાના વરણી કર્મ બંધાય છે. આ વાકયને લક્ષમાંરાખીને ચોપડી વાંચીને રખડી ન મુકતાં, યોગ્ય શ્થાનકે મુકી વિનય સાચવશો. જેથી કરેલો પ્રયાસ સફળથાય.

શંવત ૧૯૪૩ ના માહા સુદ ૨ વાર બુધે } **શ્રી જઈન જ્ઞાનવરધક મંડળી અને**
શ્રી જઈન વિદ્દયોતેજક સભા.

जन ज्ञानोदय काव्य.

આરંભ સ્તુતી

(રાગ) ધનાશ્રીની ઠુમરી. પ્રભુ નમીગાઉં ગીત રસાળ. (બેવાર) ટેક: પ્રભુ ગુણ ગાવું, ભાવના ભાવું: જાચી એમ ગાએ આ બાળ. પ્રભુ. ૧॥ બાળકો ગાએ, બહુ ખુશ થાએ; અમને શીવસુખ આલ. પ્રભુ. ૨॥ જૈનજ્ઞાન વરધક મંડળી; પ્રભુજી સૌએ દયાળ. પ્રભુ: ૩॥ ઇતી.



श्री सुरत जैन ज्ञानवर्धक मंडळि

कृत्य चोवीसी.

१ रीखब देवजीनस्तवन

રાગ હીંડી

પ્રભુ દેતું મુને જગતથી આ તારી, રીખવદેવ મહારાજ જયકારી. ટેકઃ મરૂદેવી માત નાભીરાજા તાતઃ નમીએ તમને જોડી બે હાથ. પ્રભુઃ ૧॥ મુજ રંકને આધાર પ્રભુ તાહરો; તુજ માતતાત બાંધવમાહરોઃ પ્રભુ ૨॥ હું રંક ચાકર બાળક છું પ્રાણી; મને તારો દયા દીલમાંઆણી. પ્રભુઃ ૩॥ જૈનગ્નાન વરધકમંડળી નમે; અમે સેવક પ્રભુ સત્યદેવ તમેઃ પ્રભુઃ ૪॥ ઇતી.

२ अजीतनाथ जीनस्तवन

ઘરસઈયા કોન ખુદા કે લીઆિલાયા મુજકુ એ રાગ.

અજીતનાથ પ્રભુ અર્જ કરૂં મેં તુજકું, આપમોરી અર્જ સુ[illegible] શીવ સુખઆપો મુજકું ટેકઃ જીત શતરૂ કે નંદન

વીજીયા રાણી માત તુજકું; ગજલંછન સોહે, મુકતી દેખાડો મુજકું. શ્રી અજીતઃ ૧।। જીનેશ્વર પ્રીતમ મોરા નીત્ય નમુએ તુજકું; નમકે ગુણગાતાં, હર્ષ ન માએ મુજકું. શ્રી અજીત ૨।। જૈનગ્નાન વર્દ્ધક મંડળી, નમતે હેં તુજકું: રતનચંદગુણગાવે, પાર ઉતારો મુજકુ. **શ્રી**અજીતઃ ૩।। ઇતી.

૩ संभवनाथ जीनस्तवन

હતી ઉમેદ મન વીશે તે પુરી કીધી ઈશ્વરે એ રાગ

સંભવજીન વીનતી હું કરૂં પ્રભુ આજરે, રંકની તમારે પ્રભુ હાથછે આ લાજરે. ટેકઃ કરૂણા નજર કરીને, તારજો મહારાજરે; હું છું પ્રભુ પાપી પ્રાણી, તું ગરીબનિવાજરે. સંભવઃ ૧।। ત્રીજા ત્રીથંકર પ્રભુ, સેના રાણી માતરે; જીતારી રાજાના નંદન, સંભવજીન રાજરે. સંભવઃ ૨।। જૈન ગ્નાન વર્દ્ધક મંડળી, સુમતી વરવા કાજરે; કુમતીદુરે નિવારી, આપો શીવપુર રાજરે. સંભવઃ ૩।। ઈતી.

૪ अभीनंदन जीन स्तवन.

(રાગ માંઢ) છળકારીના ઢોલા.

અભીનંદનજીન વંદવાને આજ જઇએ, આજ જઇએ એ। ચેતન આજ જઇએ: ટેક

સંવરરાજાકોનંદન, સીધાર્થાજી માત; તસકુખે પ્રભુ અવ તર્યા, નમું હું જોડી હાથ: અભીનંદન: ૧॥ આંગીની રચના રૂડી, કાંઈ જાસુરમોગરસાર: ગુલાબ ચંપો દમરોને, વળી મોતી નો છે હાર=અભીનંદન= ૨॥ મારાજેવો પ્રાણી પાપી આવ્યો તારેદ્વાર; જે કો તમારૂ મુખડું નિહાળે, ઉતરે તે ભવપાર. અ ભીનંદન: ૩॥ પ્યારી સુરત પ્રભુજી તાહરી, તુજ વિના નહી કોઇ; જયું તારાબીચ ચંદ્ર બીરાજે, યુંતુંહમ બીચહોય: અભી નંદન: ૪॥ ભાવના તુજ ભાવીએ, પ્રભુ સંઘ સકળમળી; શ્રી સુરત જૈનજ્ઞાન, વરધક મંડળી: અભીનંદન. ૫॥ ઇતી.

૯ सुमतिनाथ जीनस्तवन.

(રાગ ગજલ) શાહ મુજે અપશરે શોન બનાયા હોતા.

સુમતીનાથ મહારાજમે નમાવું તુજકુંશીસમેરા; સબ દુનીયા આ લમકું આધાર પ્રભુ હે તેરા=ટેક=મંગળા માતા મેઘરાજા, પાંચ માં સુમતીનાથ પ્રભુ; તુમેરા દાશકું આધાર પ્રભુ હેં તેરા; સુમ તી: ૧॥ મેરે તો તુમ પ્રીતમમેરા, નામ જપતા મેં તેરા; છુડાદે તું પ્રભુ જગતકા ભવોભવકે ફેરા: સુમતી: ૨॥ જૈનજ્ઞાન. વરધક મંડળી, ગુણ ગાતે હેં તેરા; કુમતીકું દુરકરો, દીજે ગુણ સુમતી કેરા. સુમતી: ૩॥ ઇતી.

૬ पदमप्रभुजीन इतवन.

આજ કહાન મોહલીનો. (એ રાગ).

પદમ પ્રભુ માહરાજ આજ ગુણ ગાવુ તાહેરા–ગુણ ગાવુ તાહેરા કાંઈદુખકાપે માહેરાઃટેક;ધરરાજાકો નંદનસુશીમાજીમાતા; પુજપ્રભુ દાતા આપોશીવ સુખસાતા. પદમ ૧ા દીનદયાળ પરમ કૃપાળ દુષ્ટની છોડવ જાળ; અમને શીવ સુખ આપ, હું છું તા રો રંકબાળ; પદમઃ રા સુંદર સુરત પ્રભુની મુરત, અમને લાગે પ્યારી; જૈનગ્નાન વરધક મંડળી એ .ઉચ્ચારી, પદમ ૩ા ઈતી.

૭सुपारस्वजीन स्तवन

નંદકુંવર તોરે નેના રસીલે. (રાગ ગરબાનો)

સુપારસ્વજીનકા મુખડા દેખનકું, આજ જાના, આજ જાના; મુખડાદેખ પ્રભુ સુપારસ્વકા ગુણગાના ગુણગાના. ટેક. (સાખીઓ) પ્રતીષ્ટ રાજાકે નંદન, પ્રથવી રાણીમાત નસકુખે જન્મલીયા, વંદુજોડી હાથઃ દેખનકુંઃ ૧ા કુમતીમદ પ્રભુ દુરેકરો, મેહું તુમેરા બાળ; સુમતી પ્રભુ મુને દીજીએ આણી અદકુંવહાળ; દેખનકુંઃ ૨ા જૈનગ્નાન વરધક મંડળી સુરત બંદરમોઝાર; ગુણગાતે પ્રભુ તાહેરા, બોલે જયજયકાર દેખનકુંઃ ૩ા ઈતી

८ चंद्र प्रभुजीन स्तवन.

હજુએ સાવરીઓ નહી આયોરે: (એ રાગ)

ચંદ્ર પ્રભુ જીન દરશનપાયો, દરશનપાયો. જીન દર શનપાયો; ચંદ્ર: ટેક: લક્ષ્માણા રાણીમાત, મહાસેન રાજાતાત: પ્રભુ જીન: ૧।। ગુણ ગાઉ પ્રભુ તાહરા, તમેછો જીનજી અમારા: પ્રભુ જીન: ૨।। આઠમાં તીર્થંકર સ્વામી, મે અર્જ કરૂં શીરનામી: પ્રભુ જીન ૩।। જૈનજ્ઞાન વર્ધક ગાવે, પ્રભુ નમતા પ્રાતીકજાવે: પ્રભુ જીન: ૪।। ઇતી.

९ सुविधीजीन स्तवन

સજન તોરે યારપરદેશી (રાગ રેખતો)

સુવીધીનાથ, જોડું બે હાથ, ઉઠી પ્રભાત નમું પહેલે ટેક: સુગ્રીવરાજા પીતા તાહરા, રામા માતાજીના જાયા; નવમાં તીર્થંકર પદપાયા, ભીલાવરણી તોરી કાયા. સુવીધી:૧।। ભવીના પાપનિવારો, સફળકર જન્મ તું મારો; સર્વેને પાર ઉતારો, અમને સેવક તમ ધારો: સુવીધી ૨।। સુરત જૈનજ્ઞા ન વરધક મંડળી, ગાવે નરનારી સઉ મળી; દયા દીલમાં પ્રભુ ધરી જેથી દુષ્ટ કર્મ જાએ બળી. સુવીધી: ૩।। ઇતી.

१० शीतळजीन स्तवन

છેલ બટાઊ ચાંદ ગંગનમે. (રાગ લાવણીનો)

શીતળજીન મહારાજ આજતો દયા ગરીબપેરખ ચઈએ નંદા માતા ધ્રઢરથરાજા, દશમાજીનજીપોકહીએ. ટેકઃ પુખ ચડાઊં ભાત ભાતકા. શરણે તમારે અમ રહીએ; દુર્લભ દરીશન કરકે પ્રભુ; દયા રહેમ રખની ચઈએ-શીતજીનઃ ૧॥ તોરે દર્શકીમેજાઊ બલીહારી, પાપ દુર કરનાં ચઈએ; મહા પ્રભુ તને વંદન કરતે, મોક્ષ સુખ દેનાં ચઈએ. શીતળઃ ૨॥ સુરત શેહેરમે આપ બીરાજે, દર્શ કરનકું અબજઈએઃ જૈનજ્ઞાન વર્ધક મંડળીકું. સીવ સુખ અબદેનાં ચઈએ ૩॥ ઈતી.

११ श्रीश्रेयांसजीन इतवन.

જમુનામે કેકું મોરારી. (એ રાગ).

પ્રભુ મુરતીલાગે પ્યારી. ટેકઃ શ્રી શ્રેયાંસ પ્રભુ તારી હું જાઊં બલીહારી. ગુણગાઊં વારીવારી, પ્રભુ સુખકારી; પ્રભુ પુજા કરૂં મેં સારી. પ્રભુઃ ૧॥ મુખ બોલું જયજય કારી, સફળ જીંદગી હોવે મારી, વીનતી લેજો તુમ સ્વીકારી; જીન સુખકારી. વંદે સરવે નરને નારી. પ્રભુ ૨॥ શીવ સુખની

જે બારી, લાગે મને બહુ પ્યારી, કહું છું હું નમસ્કારી, આપો શીવ નારી; ગ્નાન વરધક મંડળીએ ઉચ્ચારી. પ્રભુ ૩॥ ઈતી.

१२ वासपुज्यजी श्तवन

નદી કાંઠે નાહવા ચાલો (એ રાગ).

મેં આજે દરીસન પાયા. શ્રી વાસ પુજય જીન રાયા. (બે વાર) ટેક. બારમાં ત્રીથંકર સ્વામી વીનતી કરૂં મેં નામી છોડા દે જગતકી માયા. મેં આજે. ૧॥ નમુંમે ઉઠ પ્રભાત. વસુ પુજય હૈં તુજ તાત. જયા માતાજીકા જાયા. મે આજે. ૨॥ મોગર જાસુર ફુલ સાર; ગળે મેં નવસેરા હાર, જીન આગુ ધુપઉખાયા. મેં આજે ૩॥ જઈનગ્નાન વરધક મંડળી ગાવે સંઘ મંડળી મળી. વાસુ પુજયકા ગુણ ગાયા. મેં આજે. ૪॥ ઈતી.

१३ विमळनाथनुं श्तवन

એજી ચતુર નાર. (રાગ ધરૂપદ).

પ્રભુ વીમળનાથ હુ જોડું હાથ. ઉઠી પરભાત. તું તારનાથ, તુજ માત તાત તુને વંદન કીને. પ્રભુ ૧॥ તુંજ ગુણગાએ. હરખીત થાએ, સબ સંકટ જાએ. તુને નમે પાએ. નહીં હરખ માએ. મુને સુખ બહુ દીને. પ્રભુ ૨॥ પ્રભુ તાર તાર

છે તુંજ આધાર, વંદે નરનાર. ભવ પાર ઉતાર. જઇન ગ્યાન વરધકે વંદન કીનો. પ્રભુ ૩॥ ઇતી.

૧૪ अनंतनाथस्तवन

(રાગ છંદનો)

અનંતનાથ મહારાજ આજ તો ખાત સુખ દેનાઅમકુ. કર જોડીને; જોડીને પાએ પડું છું મેં તુજકું, ટેક. સુયસામાત સિંહસેન તાત. પાર ઉતારો અબ અમકું, દુર્લભ દરીશન. દ રીશન કરકે નીત્ય નમું તુંજકું. અનંત ૧॥ પુષ્પ ચડે છે જાત જાતના મોક્ષ નગર આપો અમકું. આવ્યો શેવક, સેવકે કર જોડીને નમે તુજકું. અનંત. ૨॥ ગ્યાન વરધક મંડળી કહે, આપો શીવ પુર અબ અમકુ. રતનચંદ કહે. ચંદ કહે સરણે રાખો સદા મુજકું. અનંત ૩॥ ઈતી

૧૫ धर्मनाथ स्तवन

મારા મીત્ર હવે કેમ કરીએ. (એ રાગ)

શ્રી ધર્મનાથ મહારાજ, વદુ જયજય શબ્દો આજ. સુભ મુરતી લાગે પ્યારી. રચના પ્રભુ મોહનગારી, રહીએ ચરણે તમારે અમે. ધર્મનાથ કૃપા કરો તમે. તમે નાથ નીરંજન દેવ, કરીએ અમે તુજ સેવ. જઇન ધર્મ સાચો એમ માનો,

મન વીચાર કરીને જાણો. નમસ્કાર કરી ગાઉ ગાન. ડંકા નોબત નગારા નીશાન. ગ્નાન ભાણુવાની રાખો આશ. લીએ તે તો શીવ સુખ વાસ. નમીએ અમે બાળકો મળી, જઇન ગ્નાન વરધક મંડળી.

१६ शांतिजिनस्तवन.

સ્વસ્તી સ્નેહપુર સ્થાન શોભે સારૂરે (એ રાગ)

સોળમાં શાંતીનાથ પ્રભુ સુખ કારી રે, હું આવ્યો તમારી હજુર, દેજો તારી રે ટેક. અચીરાના જાયા, વિસ્વશેન તાતરે, કાંઇ થયું જગતમાં નામ તુંજ વખ્યાતરે. સોળમાં ૧ાા કાંઇ બાંહે બાજુ બંધ બેહેરખાં બીરાજેરે. કાંઇ અમુલ્યક દરીશન, તુંજ પામ્યો આજરે. શોળમા. ૨ાા કાંઇ પુષ્પ ચડે વિધવિધ, મનકું મોહેરે, કાંઇ માથે મુગટ જડાવ. કુંડળ સોહેરે. શોળમાં ૩ાા કાંઇ દયા કરીને દાશ, ઉપર મેહેર આણો રે, કાંઇ પાર ઉતારો આપ. સેવક તુંજ જાણોરે. શોળમાં ૪ાા જઇન ગ્નાન વરધક મંડળી ગાએરે, તુંજ દરીશનથી પ્રભુ અતી આનંદ થાએરે. સોળમાં ૫ાા ઇતી,

१७ श्रीकुंथुनाथस्तवन

સંભવજીન રાજજી સ્વામી (એ રાગ)

કુંથુજીન રાજ તુંમારો, નમી ગુણગાઉંસ્તું તારો. તુંજ

દરીશન પ્રભુ પ્યારો સર્વને પાર ઉતારો ટેકઃ (સાખીઓ) શ્રી માતાજી સુર રાજાજી, ઉનકુખે આયો, ધનદીન મારો આજ છે, તારો દરીશન પાયો. કુંથુ જીનઃ ૧॥ લખ ચોર્યાસી હું ભમ્યો, દયા હવે ધારો; કૃપા કરજો મુજને, પ્રભુ હું છું દાસ તારો. કુંથુ જીનઃ ૨॥ આંગીની રચના રૂડી. વંદેનરનારીઃ ગરીબ સેવકની વીનતી, પ્રભુ આપતો સ્વીકારો. કુંથુજીન. ૩॥ જ્ઞાન વરધક મંડળીની, વીનતી અવધારોઃ નમીનમી ગુણગાઉં પ્રભુ આસરો તારોઃ કુંથુજીનઃ ૪॥ ઇતી

૧૮ अरनाथजी इतवन

હુઝારા મેરે કાનકા મોતી (એ રાગ),

અરનાથ પ્રભુ દેખતમને લલચાનો ટેક૦ દરશ તમેરા આજે પાયો, રંકપર દયા આણોઃ અરનાથઃ ૧॥ મનમેં તુમેરા ધ્યાનજ ધરના. મે હું પથ્થર પાહાણો, અરનાથઃ ૨॥ સદા કરતા મેં તોરી સેવા; અમકું સેવકજાણો, અરનાથ ૩। દેવી માતા સુદરસન રાજા; તસ કુખે આ ।. અરનાથ ૪॥ જ્ઞાન વરધક મંડળીકી, વીનતી તુમ માનોઃ અરનાથ. ૫। ઇતી.

૧૯ मल्लीनाथ इतवन

ગાતી હું ઔર નાચ સદા કામહે મેરા એ રાગ

મલ્લીનાથ પ્રભુ મહારાજ આજ તારરું તો તાર તાર તું તો તાર કાંઈ તારોછે આધારઃ મલ્લીઃ ટેક કુંભરાજાજી પીતાને પ્રભાવતી માત; તસ કુખે પ્રભુ અવતર્યા, નમું નીત્ય પ્રભાત મલ્લી; ૧॥ ચાકર બાળક રંક પ્રાણી, અજ્ઞાન સેવક હું; મુજપર દયા અતી આણી, સત્ય પ્રભુ તું. મલ્લી; ૨॥ ઓ ગણીસેં તેતાલીશની કારતગ શુદ પાંચેમ; જૈનજ્ઞાન વરધક મંડ ળીપર, રાખજે તું રહેમ. મલ્લી; ૩॥ ઇતી

૨૦ मुनीसुव्रतजीन स्तवन.

પુણ્ય થયો છે ખેલ (એ રાગ)

વીનતી ધારજો ધ્યાન, મુની સુવરત, વીનતી; ટેકઃ પદમામાતા સુમીત્ર રાજા; કૃપા કરજો મેહેરબાન. મુની; ૧. વીશમાં તીર્થંકર આપ કહેવાયા, ગુણ ગાએ નાદાન, મુની. ૨॥ મોક્ષનાદાતા દે સુખસાતા, બાળક હું અજ્ઞાન. મુની ૩॥ મોહ માયાકું દુર નીવારી, ભજીએ અમે ભગવાન. મુની; ૪॥ જૈનજ્ઞાન વરધક મંડળી, ગાએ છે નીત ગાન મુનીઃ ૫॥ ઇતી

૨૧ नेमीनाथजी स्तवन

ચંદ્ર મુખીને એકલી છોડીને હુ આવ્યો અહીં.

(એ રાગ.)

નેમીનાથ પ્રભુ વંદનકરૂં, દયાળુ છે પ્રભુ તું દાતાર, નીશ દીન સર્ણે આવું હું, નિવારો મારા પાપ આ વાર. ટેકઃ મોહ રૂપી દુખી જાળમેં ફસાયો છું હું નિરધાર; તનધનથી લલચ્ય ઇને, પ્રભુ હું રઝળો અનંત સંસાર. નેમી ૧।। સમકીત રૂપી ખીજલે, વાળો મુજ હૃદે આ વાર; પ્રભુ કુમતી કુંપંથ કુંદુરકરો, દુષ્ટ મતીથી તું નિવાર; નેમી; ૨।। મુખ જોયું નેમીનાથનું, સફળથયો મારો અવતાર; જૈનજ્ઞાન વરધક મંડળી, કહે સર્વને તું પાર ઉતાર. નેમીઃ ૩।। ઇતી

૨૨ नेमनाथजी स्तवन.

હજુએ સાવરીઆ નહીં આયા રે. (એ રાગ).

હજુએ નેમ પીયા નહીં આયારે; નહીં આયા નહીં આયા નહીં આયારે, હજુએ ટેક. કયારે આવે નેમ પ્યારા, મેરે જીવનકા આધારા; હજુએ. ૧।। આયા કયું રથ ફીરાયા, પસુખનમેં પોકાર સુનાયા હજુએ. ૨।। આઠ ભુવનકી પ્રીતડી, છોડ ગએ આપમેં રખડી. હજુ. ૩।। સેસારે બનકી કુંજ ગલનમેં, દીક્ષાં લીહે તુંમને. હજુ. ૪।। જૈન જ્ઞાન વરધક ગાવે, પ્રભુ તોરી ભાવના ભાવે હજુ ૫।। ઇતી.

૨૩ पारस्वनाथजी स्तवन.

તેરી ઊલફતમેં હુવા બદનામ. (રાગ લાવણીનો)

મેરા તું સ્વામી પ્રભુજી પાસ, તોરે દરીસનકી ધરું મેં આસ; ટેક. તીર્થંકર તેવીસમો જાણું, જન્મ ભોમી બનારસી માનું, ઊગ્યો તું જૈન ધર્મ ભાનું, જેથી મેં સાહેબ પીછાનું. (ફેર) ખીજમતગાર ગરીબ મે, તુમતો હમેરે નાથ; પાએ પડીકે પ્રભુકું પ્રણમું, જોડી મુજ દો હાથ; મેરા સબી કર્મ કરે તું નાશ. તોરે. ૧॥ બની તુમે લોભી ગદ માતા, મોહકી કયા કરો બાતા, પ્રભુ તો સીવ સુખના દાતા, પ્રભુ તું પીતા મુજ માતા. (ફેર) તુમતો અલબેલે સાહેબા, ઔર મેં હુ તેરે બાળ, મેહેર કરો પ્રભુ ઉપર મોરી, આણી અદકું વહાલ પ્રભુ મોં દે સીવ સુખનો વાસ. તોરે. ૨॥ જગત સબી ત, બાદલકી છાયા, ભલાં આ જુઠી હે કાયા; જાણી તુંને છોડદી સબી માયા, ધરો કુછ જીનવરકી બાંયા. (ફેર) રાગ સંબંધી સતાબકાહ; ઔર તું આપો આપ જ્ઞાન વર્ધક મંડળી બોલે કરો દુર મુજ પાપ, પ્રભુ મુને ધારો આપકો દાસ. તોરે. ૩॥ ધુરી.

२४ महावीर जीन स्तवन.

જયદેવ, જયદેવ (રાગ આરતીનો).

જયવીર જયવીર. જય માહાવીર સ્વામી (પ્રભુ) અંતરના!

છો જામી, નથી કાંઈ ખામી. જયવીર. ટેક સીધારથ રાજાના નંદ, ત્રીસલાનાં જાયા; (પ્રભુ) તસ કુખે પ્રભુ આયા; સીંહલછન પાયા, જયવીર. ૧ ।। આંગી બની છે આજ, ગુણ ગાઉં તારા; (પ્રભુ) ગળે મોતીની માળા; સોભે અપરમ પારા જયવીર. ૨ ।। સુંદર છે મુરતી, દરીસન કરે નરનાર (પ્રભુ) જૈન જ્ઞાન વર્ધક મંડળી, બોલે જય જયકાર. જયવીર ૩ ।। ઇતી

चोवीसी समाप्त

श्री जैनज्ञानवर्धक मंडळीकृत्यस्तवनो

श्री जैनज्ञानवर्धक मंडळीनी

स्थापनानुं स्तवन

છોડી બામનકી (એ રાગ)

વારી વારી જાઉં (બે વાર) આ અજીતનાથની રચના; જોઇ ખુશી થાઉં; વારી ટેક. જીત શત્રુ કે નંદન, વીજીઆ, રાણી માય; ગજ લંછન જોઇને મારૂં દીલડું બહુ હરખાય. વારી. ૧ ।। વીવીધ જાતનાં પુષ્પ મંગાવું, જાસુર મોગર સાર ગુલાબ દાવડી ચંપો દમરો, સોભે અપરમપાર. વારી. ૨ ।।

ઓગણીશેં ચાલીશની, ચૈતર સુદી બીજ, સુભ મહુર્તે મંડળી સ્થપાઇ, પ્રભુની સાહેલીજ. વારી. ૩।। સુંદર સુરત પ્રભુની મુરત, દેશાઇ પોળમાં મોઝાર; ઘોમકજીમાં આપ બીરાજો, વંદે નરને નાર. વારી. ૪।। સુરત જઈન ગ્નાન વરધક મંડળી, શુભ સુક હોય માફ કરશો, સર્વે સંઘ મળી. વારી. ૫।। ઇતી

श्री सुरत जैन विद्योतेजक सभानी

स्थापनानुं स्तवन.

સલામ સલામ સલામ સલામ લીજીએ સલામ (એ રાગ)

અહો નીસ ઇશ અજીતનાથ, નમીએ સર્વદા. નમીએ સર્વદા. અહો. ટેક જીત શત્રુ કે નંદન વીજ્યા રાણી માત અયોધ્યા નગરીના જાયા, શ્રી શ્રી અજીતનાથ. અહો. ૧।। પ્રભુ દીન દયાળુ હો કૃપાળુ સુખ આપજો, કૃપા કરીને સેવકોનુ દુખ કાપજો. અહો. ૨।। હું નમન કરૂં સરણુ રહું આવી આશરે, મુજ પાપ તાપનીવારો આપકરો નાસરે. અહો. ૩।। સંવત ઓગણીસેં બેંતાળીસની ચૈતર સુદી બીજ; મુંજ પ્રતાપથી રોતકો ઘણા થયા રીજ, અહો. ૪।। સુંદર બંદર સુર

તમાં, શ્રી દેશાઇ પોળ મોઝાર, જઈન વિદ્યોતેજક સભા બોલ જયજયકાર. અહો ૫।। ઇતી.

अजीतनाथजी स्तवन

(રાગ જીલ્લો)

શ્રી અજીતનાથ મહારાજ, દરીશન પામ્યો આજ. બાળક ઉપર કૃપા કરો દાતાર. શ્રી અજીત. ટેક. તુમ દરીસન પામી, થયો હું હરખીત, વીજીયાજી છે માતા, જીતશતરૂ પીતા. શ્રી અજીતઃ ૧।। કૃપા કરો માહારાજ, આવ્યો તુમ સરણે; વિનતી સ્વીકારો, ભવસાગરથી તારો. શ્રી અજીતઃ ૨।। ઓગણીસેં એકતાળીશની ચૈતર સુદી બીજ. દેશાઇ પોળ મોઝાર થયો જયજયકાર. શ્રીઅજીતઃ ૩।। સુરત જઈન જ્ઞાન વરધક મંડળી; ભાવના ભાવે, હરખે ગાવે. શ્રી અજીતઃ ૪।; ઇતી

श्रीचिंतामनपारस्वजी स्तवन.

ધર સંધ્યા કોન ખુદા કે લોએલાયાં મુજકું

ચંતામણી પાસ અબઆએ સરણ તાહેરા, અબ-તો દુર કરદે દુખ સબી માહેરા. ટેકઃ મેં હું બાળક રંક આધાર સબી

તાહેરા; છુડાદે દુષ્ટ ફંદ હોવે સભી માહેરા. ચંતાઃ સદા મેં પાએ પડું આકે આગુ તાહેરા, નર્કનીગોદસેં તુંજ માહેરા. ચંતાઃ ૨॥ મેરેકું હૈ ભરોસા, દી ખા તાહેરા; તુમેરા નામ સુનકે, પાપ ગએ માહેરા, ચંતાઃ ૩॥ જેન જ્ઞાન વરધક મંડળી, સરણ તાહેરા, મેં હું દાસ તેરા, તુંમ સાહેબ માહેરા. ચંતાઃ ૪॥ ઈતી

स्तवन २ जु

પેહેલું મેં યાર હે; મુજે ઉસકી ખબર નહી (રાગ ગઝલ)

પારસ ચંતામણ નામ સભી જગત મેં બડા; સભી જગત મેં બડા (બે વાર). પારસ ટેકઃ જાતાયા કુછદરીસનકું, ઉલ ટ ભાવસેં ખરા, બીએ હાથ ફુલકી માળ. મેં તો મંદીર જા ખડાઃ પારસ ૧॥ પાઉં પખાલી મંદીર પેઠા, જબ મન અચલ કીયા, તબ શીભાવનનાથ મોરી નજરોસેં પડાઃ પારસ. ૨॥ જ્ઞાન ધ્યાનકે ધુપ લગા કે, સામને ખડા. ખરા પરેમ ભાવસેં મેં તો ચૈત્ય વંદન પડા. પારસઃ ૩॥ જઈન જ્ઞાન વરધક મંડળી, પાએ સબ મુદા, મે,રે નાથજીકા રક્ષક મોરી, વારે આ ચડા, પારસઃ ૪॥ ઈતી

पारसनाथनुं स्तवन

મારી આલીનુ શીદ અકલાએરે તુને ખમા રે

ખમા (રાગ પરજ અથવા માઢ)

મારા પારસનાથ આધારરે, તુને સર્વદા નમું; તું તો મુજ પર હેત વધારરે, તુને સર્વદા નમું. ટેક: અશ્વસેનનો બાળ કોરે, માતા વામાનો નંદ; પ્રભાવતીનો નાવલોરે. જયું તારા બીચ ચંદ્રરે: તુને: ૧।। જન્મ લીયોબનારશીરે, પોષ દ શમ સુભ સાર ઇંદ્રરાણી મીલી મંગળ ગાવે, બોલે જયજય કારરે: તુને ૨।। અદભુત જોગી આવીયોરે, માડી તપસ્યા નિદાન; ધુની લગાઇ ભુમી પરેરે, ઝૂલે થઇ બેભાનરે: ૩।। બળતું કાષ્ટ ઉડાવીયું રે, મારી પગની લાત, નાગ તરફડતો નીકળયો રે, દેખે સહુ સાક્ષાતરે: તુને. ૪।। સાર દીયો નોકારનોરે, આપ્યો તે નાગનો કાળ. ધરણી ધરપદ પામીઓ રે, સુણી વચન રસાળરે: તુને. ૫।। તેમ પ્રભુ મુજ ઉપરો રે, રાખો જરા કાંઇ પ્યાર કર ઝાલ્યો મેં તુમ તણો, બોલે જ્ઞાનવરધક જયજય કારરે. તુને ૬।। ઇતી

नेमनाथजीनुं स्तवन

જોબા ખાતી આવે, આવે છે રે, મારા મન હસ બોલો. (પરજની ઠુમરી)

મોરા નેમ આવે, આવે છે રે, મોરા મનહરખાવે. મોરા. ટેક રથ તોરણસેં પીછા ફીરાય, પશુ બનપે દયા લાવે. મોરા. ૧॥ આઠ ભવોકી પ્રીત તોડકે, અબ કયું છોડકે જાવે. મોરા ૨॥ કયા તકશીર કીની હે તુમોરી તુમકુ કોન ભમાવે. મોરા ૩॥ નહીં માનતે મોરા, નેમ પીયારા; સખીયન મીલ સમજાવે. મોરા. ૪॥ સેસાબન જઇ સંજમ લીનો, ગીરનાર પહાડીઆં બતાવે. મોરા. ૫॥ સતી રાજુલકું તારી નેમજી, જ્ઞાનવરપક ગાવે. મોરા. ૬॥

कुंथुनाथजी स्तवनः

રાજા મોરા મનપર દેશીરે (એ રાગ)

કુંથુનાથ પ્યારે, જીનરાજ મોરા. કુંથુનાથ પ્યારે. પ્રભુ તોરા ગુણ ગાઉં મહારાજ, જીનરાજ ટેક. જીનજીમારા આ સરાને, તુમ બીન કીસકા આધાર; સર્વ જગતકું તારીએ ને

તુમ પ્રભુ તારણહાર. (બેવાર) જીનરાજ ૧॥ જીનજી, તુમેરા મુખપેને, દીપે ચંદ્ર કે તેજ; સબકે બેસીતું પ્રભુનેસબ, કી ખબરાં લેજ. (બેવાર) જીનરાજ. ૨॥ પાપ કષ્ટકું દુર કરોગે, સબકું તુંજ આધાર; પાપ કષ્ટકુમારજોને, તપરૂપી તલવાર (બેવાર) જીનરાજ ૩॥ જ્ઞાન વરધક મંડળીને. ગુન ગાવે પ્રભુ આજ. કૃપા કીજીએ સર્વપે, તુંજ હાથ મોરીલાજ (બેવાર) જીનરાજ ૪॥

माहावीरजीन स्तवन.

(તીલાનાના ખ્યાલનો રાગ)

———0———

મહાવીર પ્રભુ આજે દરીસનપાઈ, દરીસનપાઇ, અતી સુખદાઇ.માહાવીર;ટેક; દરીસ તુંમારૂં;દીપે સારૂસારૂ દરીસન સેહર બાહિરખાઇ,સા–રી–ગ–મ–પ–ધ–ની–સા–ની–ધ–પ–મ–ગ–રી સા–માહાવીર; ૧॥ અનુપમ મુરત. પ્યારી હે સુરત. અંગી આંડાઇ મચાઇ, મચાઇં, સા–રી–ગ–મ–પ–ધ–ની–સા–ની ધ–પ–મ–ગ–રી–સા–માહાવીર; ૨॥ જ્ઞાનવર્દ્ધક. નમતે સેવક વીર પ્રભુ ગુનગાઇ, ગાઇ, સા–રી–ગ–મ–પ–ધ–ની–સા–ની ધ–પ–મ–ગ–રી–સા–માહાવીર ૩॥ ધવી.

સ્તવન.

જમુનામે ફેકુ મોરારી (એ રાગ)

પ્રભુ મુરત મોહનગારી. ટેક આંગી દેખી તોરી સારી. જાણે લાગે મોહનગારી, સીરપરસોભે મુગટભારી, જાઉં બલી હારી; તોરી રચના સોભે સારી; પ્રભુ ૧॥ ફુલ આંગી સોભે સારી, કટોરા પીરાજેભારી. જોઉં ચંદ્રસમ પ્રકારી; વંદેનર. નારી; સોભે જીનરાજ દાતારી. પ્રભુ; ૨॥ તમે માનીલેજો મારી, વિનતી સેવકની સ્વિકારી; આવે ફેરફેર નહીં વારી બોલો જયજયકારી. જ્ઞાનવરધક મંડળી ઉચ્ચારી; પ્રભુ ૩॥ ઈતી.

સ્તવન.

અંગ્રેજી વાજાની ચાલ

જીનરાજ મહારાજ આજ તારતું તો તાર.તું તાર;તું તાર તારતું તો તાર; જીનરાજ; ટેક; હું અલ્પજીવ પાપી પ્રાણી; આવ્યો તારે દ્વાર; મુજ ગરીબની વિનતી કરજો સુમ સ્વિકાર; જીનરાજ; ૧॥ દયા આણી દીનજાણી, કૃપા કરો દાતાર; સત્યદેવ સત્ય પ્રભુ, તારો છે આધાર; જીનરાજ

૨।। સુરત શેહેર સુંદર બંદરમે, સોભે જીનજી દાતાર; જૈન જ્ઞાનવધક મંડળી, બોલે જયજયકાર; જીનરાજ; ૩।। ઇતી

સ્તવન:

મિત્ર મારા હુવે કેમ કરીએએ રાગ

———0———

ચાલો જઇએ જોવા પ્રભુ મુખડું; જેથી દુર થાએ સબી દુખડું; ટેક; કર્મ અનાદી અગોચરે ભરીઓ, દુષ્ટ કુમ તાસંગ પરવરીયો: ચાલો; ૧।। મુજ પાપી ઉપર મેહેર આણો, હું તો રત્ન બન્યોછું પહાણો; ચાલો; ૨।। પ્રભુ ભક્તિ મોરે મંન ભાવી, જેથી કર્મ જસેરે સધાવી; ચાલો; ૩।। સારા નરસા કર્મ મેં જે કીધા, તેનાં ફળ પણ ભવોભવ લીધા, ચાલો; ૪।। થાકયો સોધી સંસારનોસાર, પ્રભુ હવે તું ઉતારે મુને પાર; ચાલો; ૫।। પ્રભુ તું છે નિરંજન અલેખી, મને જ્ઞાન આવે છે તુંજ દેખી; ચાલો; ૬।। અંધકારનો પડદો રે ખશીયો, મુજ મંનચીદાનંદ વસીયો; ચાલો; ૭।। જૈન જ્ઞાન વરધક મંડળી બોલે; પ્રભુ મુજ મસ્તક તુંજ તોલે; ચાલો; ૮।। ઇતી.

લાવણીઓ

બનીયાં બાગા જાએ કચીના મોડા ફીરે એ રાગ

રીખવદેવ મહારાજ, ગરીબપે મેહેરજ કીજે; અમ સેવક પેઆજ. કૃપાસેં સીવ સુખ દીજે; રીખવ; ટેક: નાથની રંજનદેવ, તુંમહે સચા સ્વામી, આએ તુમારે સરણ, અર્જ કરૂં મે નામી (શેર) મેરૂદેવી માતજી નાભી રાજા તાતજી નમીનમી ગુન ગાઇએ, ઉઠી અમે પ્રભાતજી; (વજણ) ઉઠી અમે પ્રભાત, અમને આસરો તારો, તુંજ વીનદુજો ન કોઈ તારનારો; રીખવ; ૧।। (શેર) બાંહેબાજુ બંધ મેરખાં, કાનમે કુંડળ દોયજી, દરીસન કરકે મુજ મન, અતી આનંદ હોયજી (વજણ) આનંદ હુવા મેં આજ, પ્રભુકા પાયા દરીસન; દરીશન કરકે આજ, પ્રભુ મેં હુવાહે પરસન રીખવ ૨।। (શેર) ભાત ભાતનાં પુષ્પસેં, આંગી બની હેં સારીજી ઓપર જાસુર ગુલાબહેં, શીરપે મુગટ ભારીજી (વજણ) શીરપે મુગટ ભારી પ્રભુમે, જાઉં બલીહારી, ગુન ગાઉં મહારાજ, મે આએ સરણે તારી. રીખવ: ૩।। (શેર) જઇન સાનવરધ ક મંડળી, ગુન ગાતેહેં આજજી, જયજય શબ્દો બોલતે આપો શીવપુર રાજજી, (વજણ) આપો શીવપુર રાજ, આજ

મેં આનંદ પાયા, રીખવ દેવકે ગુન, વિદપોતેજકે ગાયા રીખવઃ ૪॥ ઇતી

लावणी २जी

બીચપાક મોબત તોડી બેદર દીદીવીની

(એ રાગ)

મેરે શાંતીનાથ સુખકારી, વાંદરીસનકું જાના; (બેવાર) ટેક તોરે દર્શકી જાઉ બલેહારી, મેને સાહેબ પીછાના. મેહે રબાની કરકે મુજકું, સીવપુર બતાના; મેરે; ૧॥ તુમેરાના મ સુનકે આયા, ફંદાસે છુડાના, મે આપે તુમેરીઆગે, મેહેર બાન બચાના મેરે. ૨॥ જઈન ગ્નાનવરધક મંડળી, પ્રભુકા ગુન ગાના. મેં હાથ જોડ કે અરજ કરૂં. પાપોકું હઠાનામેરે ૩॥ ઇતી

लावणी ३ जी

દાહદીલાસે જબ નીકલે તબ (એ રાગ)

માતાત્રીસલા વીર કુંવરકુ, પાલણુ મેં જુલવાતીહેં; હા લો હાલો, અમારા વીર પ્રભુકું ગાતી હે. (ત્રણ વાર) સોના રૂ પા રત્ન જડીતહે, પાલણે દોરી રેશમકી, ધુઘરી બાજે, છુંમ

ઘુમ ઘુંમ સાદ આતી ઉનકી (૩વાર) (શેર) ચોંસેઠ ઇંદ્ર નમતેહે વીર ગુન ગાતે હે હરખ ભાવસે, ઇંદ્રાણી જાવે વારણે, વીર કુંવર ઘર જાતે હે આનંદસે. (વલણ) વીર પ્રભુકા મુખડા દેખા, જયું ચંદ્ર પ્રકાસીત હે, તીન ભુવન કે, નાથ અમારા વીર પ્રખ્યાઇતહે; (૩ વાર) માતા ૧॥ (શેર) ઘર ઘર મંગળ ગાતે હે, રાજા પ્રજા સબ હીલ મીલ દર્સનકુ આતે હે, ખુશી હોઇ માતા ત્રીસલા, જન્મ મોત્સવ ખુબ ઠાઠસે કરવાતે હે, (વલણ) આજ હમારે ઘર આનંદ. બધાઇ આઇ સારી હે. (૩ વાર) દર્સન કરનેકુ ઈંદ્ર ઇંદ્રાણી હીલમીલ આઈ હેં. (૩ વાર) માતા ૨॥ (શેર) રમતે રમતે વીરજી, ખુશીસેઆએ સભા કે બીચમે, ઔર જાવેગા ભણનેકુ, વીર જાવેગા નિશાળ કે બીચમે; (વલણ) નિશાળ ગરણું કરને ખાતર, બડા વરઘોડા કીયા તઇયાર; વીર કુંવરકું, ગજપે બેઠાએ દર્શન કરે નરનારઃ (૩વાર) માત ૩॥ (શેર) ઊસકી કયા તારીફ કરૂ, બડા બીસ્તાર દરશાને ખાતર, ટુંક બ્યાનમેને કીયા, ભુબનુકોકી સદા માશીકરં (વલણ) બે કર જોડી નમતે પ્રભુ કું જીવન ગ્નાન વરધક મંડળી, પાર ઉતારો. પ્રભુકા ગુણ ગાતે હે સંઘ મળીઃ (૩ વાર) માંતા ૪॥ ઇતી

———0———

લાવણી ૪થી

સતવંતી રાણી રાજા ભરથરકો લાનૌ ગલે લગાય.

(એ રાગ)

થીસતવંતી રાણી રાજુલમતી, કહેને લગી નેમ નહીં આએ, સુન સબસખીયાં, નેમ ક્યારેકું મનાકે કોઈ લાએ: થીસતવંતી. ટેક (ધુરપત)નેમ નાથ મહારાજ પરણવાકે અસબાબ કીએ તઇ યાર, ગએ નેમજી, સુની પોકાર પસુકી કયા બીચાર; પોકાર સુનકે નેમનાથને, દયા આઇ દીલમેં તેવાર. પીછા ફીરાએ, રથ ગજ ઘોડે ચલે તોરણ તજસાર (સેરો) રથ પીછા ફીરાયા નેમને, મેહેરબાન હુવે પશુબનપર; રાજુલ મતી કહેને લગી, ગુના હમારા માફ કર. મેરી ગરીબકી અર્જ સુનકે, અપના ગુસ્સા દુર કર. આવો સબસન્યા લેકે, પીછા ફીરો નેમ દરદર. (ગઝલ) સબ સખીયાં મીલ નેમસેં યું અર્જ ગુજારી, રાજુલ કહે એ નાથ મેં, ઉનકી હું નારી. ના અર્જ સુની રાજુલ કીના બાત બીચારી, રાજુલ કહે મે તુમ બીના રહુગી કુવારી (છોટી રંગત) જીશ વખ્ત નેમને રથ પીછા ફીરાયા; ઇસ વખ્ત રાજુલ મતી, દીલમે બોત ગભરાયા, એસા નેમજી ગુસ્સા તુમેરે મન આયા, રાજુલ મતી કહે, કીસકુ

ક્ષુમને ખીરમાયા. (વજણ) આઠ ભવકી પ્રીત તોડકે, નેમનાથ ગીરનારપેજાએ; સુનશખસખીયાં; ૧।। (ધુરપત) પ્રીત તોડકે ગએ નેમજી, ગીરનારકીશો ડુંગરીયાં, ગીરનારજાકે, સેસાબ નમાહે, સંજમઆદરીયાં, તપજપ કીરીયા, સુધમનકરકે, સીવનારીસારી વરીચાં, રાજુલમતીએ, ગીરનારજાકે, સંજમ આદરીયાં. (શેર) નેમપાસ સંજમલઇ, પામી સીવસુખસ હીજી. રાજુલમતીસંમજકે, ખોત આનંદ ભહીજી. નેમરાજુલ મોક્ષમે, ખીરાજતેહો ત્યાંહીજી. (ગજલ) નેમનાથ ખીરાજ તેહે મોક્ષસુખસ્થાન બાવીસમે ત્રીથંકર શ્રી નેમનાથ ભગવાન તુમેરી આગુ અર્જકરૂં, અર્જ ધરો ધ્યાન, સેવકઉપર મેહેર કુરો, ગાતે હે ગુનગાન, (છોટી રંગત) મે અર્જ કરૂં હુ ન મકે ઉતારો પાર, ભુલચુકકી માફીકરો ગેવારમવાર; સુંદર બ દર સુરતશેહેમાઝાર, જૈનજ્ઞાનવરધક મંડળી ગાએસાર. (વજણ) રતનચંદકહે નેમનાથકા, ગુન વિદયોતેજકગાએ સુનસખ સખીયાં ૨।। ઇતી.

લાવણી ૯મી.

૫ મી મેજારનીહમેસોઇ (એ રાગ)

મેરે નેમઆઇમેઆજ, આજરે, પાણગી દરીસન,

મે બીનતીકરૂગી નમકે, કરોમુજપરસન મેરે; ટેકઃ નેમ પરનવાંકેકાજ, કાજરે. ખડેતો વરઘોડે, રૂડાંવાજીંત્ર વાજાં રથ ગજઘોડે. જોડેરથ પીછા ફીરાવત નેમ, નેમરે, કયા હે ગુજકેમ'ન (બે વાર) મે બીનતી; ૧।। પસુબનકી સુનીપોકાર, કારરે, ગએ રથફેરી, મેહેરબાનીઆઇ હેં પસુબનપેને મતેરી; છોડી આઠભવોકી પ્રીત, પ્રીતરે, નેમજીકે મન; (બે વાર) મે બીનતીઃ ૨।। તુમ ચલગએ ગીરનાર, નારરે રાજુલકું તારી સેસ, બનમેંજાકે પણ પરયાહે શીવનારી, જૈનજ્ઞાન વરધક કહે, કહેરે આએ મે સરન (બે વાર) મે બીનતી; ૩।। ઇતી.

लावणी ६ ठी

ચતુર કાંઈ આતમામ નીરખોરે

(બે વાર) જ્ઞાનધ્યાનકેદીલલગા કે, આતમ ગુણ પરખો ચતુર. ટેક; ચેતનકંઈ સમતાં સરૂપધારો. ક્રોધનો સગ દુરે વારો, મીલેના ફીર મનુષ્ય મનખો; ચતુર, ૧।। ચેતન તે સાંવ સુખનોવાસી, જેને કરી કુમતીને દાસી, દુજો નહી તાસ આતમ સરખો ચતુર ૨।। ચેતન કેમ કાયાનો સાજી, સુજીતને બુધ્ધી કેમ માઠી, ધ્યાનધરી પાર સ્વનાથપેખો ચતુર; ૩।। રમણકર આતમારામ સુનીરયે, વંદોઉઠી પારસ્વનાથ પ્રીતે,

મુનીવર વાખ્યારસ ચખ્ખો, ચતુર; ૪।। પ્રભુ ગુણ જ્ઞાન વરધક ગાવે, સખી મીલી પ્રભુ મંદીર આવે, સુધ્ધધ્યાને પ્રભુ મુખદેખો ચતુર; ૫।। ઈતી.

ગરબાઓ.

ગરબો ૧ લો.

તમે અજાણ્યા અમે જાણીએ રે (એ રાગ)

નાથ તુંજ સરણે આવીઆરે, મુજ મંન પ્રભુજી ભાવી આરે, તમેં વંદો સદા નરનારરે, પ્રભુજી મોક્ષ માહે બીરાજ તારે; ટેક તમે સીવ સુંદરીના નાવલારે, તમે કાઢયા તે મનનાં આમળારે, તમે કર્મકીધા સબ દુરરે, પ્રભુ જી, મોક્ષમાહે; ૧।। અમે અજ્ઞાન પાપી ફાંસીઆરે, અમને આતમ ગુણનવી ભાસીઆરે, અમને બાંધ્યા કર્મ રૂપી પાસરે; પ્રભુજી, મોક્ષ માંહે; ૨।। નીજગુણ નહી કાંઈ જાણ તારે, નહીં આત્મસ્વરૂપ પીછાન તારે, અમને મોહે કીધા અંધ ધુનરે; પ્રભુ જી, મોક્ષ માંહે: ૩।। પ્રભુ, ત્યાંગી અમે છીએ રાગીઆરે, કામ ક્રોધે કીધાછે ભાગીઆરે, લોભ રાજાએ કીધાછે અધરે, પ્રભુ જી, મોક્ષ માંહે; ૪।। વદે જ્ઞાનવરધક પાસજીરે, પ્રભુ પુરો હવે મુજ આસજીરે, કાઢો ભવસમુદ્રથી બહારરે; પ્રભુ જી, મોક્ષ માંહે; ૫।। ઇતી.

ગરબો ૨ જો

ગીરધારીરે, વાતકરૂંછુ વિચારે. (એ રાગ)

———0———

જીનવરજીરે, અરજકરૂં તે સ્વીકારો, મને આશરો છે પ્રભુ તારો, સુખકારીરે, સીવપુર મારગસારો. મને. ટેક; મને આભવમાંથી તારોરે, હવે નથી બીજો એવારોરે, પુનવંતારે, પુનના ઉઘાડોદ્વારો. મનેઃ ૧॥ પ્રભુ તું છે. મુજ મન પ્યારોરે, મારી વિનતડી અવધારોરે. ગુણવંતારે ગુણ ગાઊ છું તમારો. મને ૨॥ મારા પાપ તમે નીવારોરે. જ્ઞાનવરધક મંડળી તારોરે, જગદાતારે. જૈન ધર્મ છે સારો મને ૩॥ ઈતી.

ગરબો ૩ જો

———0———

(રાગ ઊપર પ્રમાણે)

તમે આવોરે, પરણીને નેમજીઓ, હવે રથ પાછો ન ફીરાવો, જદુપતિરે, દીલમાં દયા તમે લાવો. હવે; ટેક

રૂડો અવસર ચાલ્યો જાએરે, તેથી દીલડું હવે દુખાએરે. કોઇ જાવોરે, સખીઓમીલી સમજાવો. હવે; ૨।। આઠ ભવની પ્રીતી તોડીરે, તમે જાવોછો મુજને છોડીરે. અબ બોલારે. પાછા હવે તમે આવો હવે; ૨।। નેમસેસાબનમાં જાએરે. ગ્નાનવરધક મંડળી ગાએરે. કૃપાળુરે. સીવપુર ન ગર બતાવો; હવે; ૩।। ઇતી.

ગરબો ૪ થો

મોહોલે પધારો મહારાજ (એ રાગ)

માહાવીર પ્રભુ જીનરાજ, આવ્યોછું દરીસનકાજે; સુભ ઓછવનો દીન આજ, રૂડાવાજીત્રવાજે; માહાવીર; ટેક (સાખી) સિધારથના પુત્રછો, ત્રીસલાનાં જાયા; સિંહ લંછન દીસે રૂડું, તુજ દરીસનકું આયા, આવ્યો છું ૧।। (સાખી) આંગીની રચના રૂડી; વંદે નરનેનાર; વીર પ્રભુનાં દર્શથી સહુ બોલે જયજયકાર; આવ્યો છું ૨।। મુગટ દીપે સોહ મણો, ફુલની સોભા સાર; દરીસનકરવા આવીઆ, વીત રાગ પ્રભુ દાતાર. આવ્યો ૩।। (સાખી) મુગટ મણી રત્ને

જડયો. કાનમે કુંડળસાર. બાહે બાજુ બંધ બેરખાં, કાંઈ કંઠે મોતીને હાર. આબોલ્યું ૪।। જૈનગ્નાનવરધક મંડળી, સુરતબંદરમો ગ્રાર. સીવ સુખ આપો સર્વને, એમ કહે. રતનચંદ હાર; આવોલ્યું; ૫।। ઇતી.

ગરબો ૫ મો

———0———

(રાગ બુરાનપુરી)

સાહેબ તું છે સાચો સ્વામી; રહીએ અમે તમને નામી તન્મ દરીશનપામી, આવ્યો હું સરણે. નમી ગુણ ગાઉં તારા. ચંન્દન કેસર સુખડ સારા, દમરો જાસુરમને હારા આંગીબની સારી; ટેક; (સાખી) આંગીબની પ્રભુ તાહેરી, વળી સોભે અપરમ પાર; પુષ્પ ચડે ભાત ભાતના, ગુણ ગાએનરને નાર; ગુણગાએગુણ ગાએ,હનીહાંરે, ગુણ ગાએ, લાગે પાએ પ્રભુ તમને, સહુ નરનારી, બહુ આંગીનો છે બહાર, ચંપો મોગરો કેવડો સાર, દરીસનકરે નર નાર. ઘણા હરખાઈ; ૧।। (સાખી) દરીસનથી દુખ દુર રહે, વળી આપે સીવપુર ગામ, જીનપ્રતીમાને હું નમું, વંદું ઠામે

ઠામ ઠામ ઠામે, ઠામ ઠામે, હનીહાંરે ઠામ ઠામે, રચના પ્રભુની સોભે છે. અપરમપાર. વાહાલ ઉપજે છે બહું, મા ગે પાએ તમને સઉ, સુરત જૈનગ્નાન વરધક મંડળી, ૨ા પ્રતી.

હોરીઓ

હોરી ૧ લી; (રાગ દીપચંદી),

કેસરબાગ બનાયો, ચાલો જઇએ. (બે વાર) ઉમર વાડી પાસકે દેરે, કેસર; ટેક; આઇબસંત રૂતુ આનંદ કારી પાસજીકો દરીસન પાયો; ચાલો; ૧ા અબીલ ગુલાલ કેશર ચુવા ચંદન, ફાગનમે ફાગ મચાયો; ચાલો; ૨ા જૈનગ્નાન વરધક મંડળીએ, પાસજીકો ગુણ ગાયો; ચાલો; ૩ા

હોરી ૨ જી

નંદકુવરતોર નેનારસીલે (એ રાગ ગરબાનો)

હોરીકે દીનપર ખેલીએ હોરી, ચાલો પાસકે દરબાર.

ચાલો પાસકે દરબાર, દરીસનકરો તુમ ઉલટસે, દીપે આંગી કા બહાર, દીપે આંગીકા બહાર; હોરી; ટેક; (સાખી) આંગી બનીહે પુષ્પકી, સોભે અપરમપાર, મુગટે જડયા હીરા મણી દેખું ચંદ્રમે એકી તાર; ચાલો; ૧॥ ભાવસે અબીલ ગુલાલ, ઉડાવો નર ઓર નાર, ખેલો હોરીકે દીનપર—તપભર પીચકારીકામાર; ચાલો; ૨॥ કેસરચંદન અરગજા, કસ્તુરી બરાસ; બસંત ખેલો તુમ ભાવસે, હોવે તુમેરી મનકી આશ; ચાલો; ૩॥ જૈનજ્ઞાનવરધક મંડળી, સુરત બંદરમોઝાર; હોરી ગાવે પ્રભુ તાહેરી; મેહેરકરી ઉતારો ભવપાર; ચાલો; ૪॥ ઇતી.

होरि ३ जी

ઐસી હોરી ખેલાઇ (રાગ કાફી) એસો માર્ગ બતાયો, પ્રભુ મેરા બંધ છુડાયો; એસો; ટેક; સંસારરૂપી ભવસાગરમાં, ફેર ફેર ફીરાયો. (બે વાર) સીધા રસ્તાકું પીછું રખકે આડે રસ્તે તું ધાયો; એસો, ૧॥ કર્મ રૂપી સબ મેલ બંધાણો, તે કેમ જાએ ખસેડયો, (બે વાર) સદ ગુરૂ રૂપી કપુ

સાધુ મીલેતો, જ્ઞાનધ્યાનસેં જાએ ધોખાયો, એસો; ૨॥ જીનકા નામ કબુના ખીસરનાં, જીસસે પાપ છુડાપો. જ્ઞાન વરધક મંડળીગાવે, દેખો મુજને અનુભવઆપો; એસો ૩॥ ઇતી

स्तवनादिसं पुर्ण



महामुनी श्रीमद् आत्मारामजी आनंद विजयजी महाराजना टुंक जन्म चरीत्रनी

लावणी

જયવીર જયવીર જયવીરજય મહાવીર સ્વામી (એ રાગ)

તમે સાંભળો સર્વે જન થાવો પવીત્ર, મહામુની શ્રી આત્મારામજી જન્મ ચરીત્ર; તમે; ટેક; ઉત્તરદેશ પંજાબ ખીરાન્જેસારો, લેહેરા ગામમાં જન્મ ભોમી સોધારો; ક્ષત્રી યવંશમાં જન્મલીધો સુખધામ, ગણેશચંદ પીતાજી જેનુ નામ. તમે ૧॥ માતુ શ્રી રૂપ દેવી રૂડી કહેવાએ. સર્વેને ગાતાં હરખમંન ન માએ; મુની શીશુ વયમાં લક્ષણથી બહુ દીપે, સોબતમળી ઢુંઢકનીગયા તે સમીપે. તમે; ૨॥ ઓગણીસે દશ કાર્તીક શુદ પંચમી માસે, દીક્ષા લીધી ગુરૂ જીવણરામની પાસે; ગ્નાન ભણીને દેશો ફર્યા, જુવે જુના શાસ્ત્ર, પ્રતિ

મા કેમ ઉથાપી તે બતાવો માત્ર. તમે; ૩॥ નહીં આપ્યો તેનો ઉ-તર, જ્ઞાન કળા જાગી, આત્મારામજીએ ઢુંઢક પંથ દીયો ત્યાગી; ગુર્જરદેશ મનોહર, ભુમી રસાળી, સુવિહીત ગુરૂજીએ, સંશય દીધો ટાળી. તમે; ૪॥ ઓગણીસે બત્રીસે, રાજ નગરમોઝાર; સુવિહીત ગુરૂ પાસે સંજમ લીધોસાર; મુની સાથે સોળશીષ્યોએ સંજમલીધા, જૈન ધર્મ રૂપી અમૃતના પ્યાલા પીધા. તમે; ૫॥ મુનીવીચરંતા આવ્યા પાલી તાણા મોઝાર, સર્વે લોકોમાં વર્ત્યો જયજયકાર. ઓગણીસેં તેતાળી સકાર્તીકવદ પંચસાર. આચાર્ય પંદવી આપી સંઘે તે વાર તમે; ૬॥ આ ભરત ખંડમાં મહામમુની આત્મારામ; નહીં તુમસમ જ્ઞાની અવર મુની આ ઠામ. સુરત જૈનજ્ઞાનવરધક મંડળીબોલે, આત્મારામજી મુનીની નહીં કોઇ તોલે; તમે; ૭॥ ઇતી.

समाप्त

जाहेर खबर

આ ચોપડી નીચે લખેલ ઠેકાણેથી મળશે.

સુરતઃ દેશાઈ પોળમાં અમારી ઓફીસમાંથી આ મંડળના મંત્રી શા૰ મંછુભાઇ હીરાચંદ પાસેથી તથા ગોપીપુરાના બજારમાં આ સભાના સેક્રેટરી શા૰સાકેરચંદ તલકચંદ નાણાવટીની દુકાનેથીમળશે

મુબઈ; શ્રી જૈનગ્નાનવરધક મંડળીના ઉપમંત્રી શા૰ ડાહ્યાભાઇ કાળીદાશ ઠો૰ મામાદેવી આગળ.

ભાવનગરશ્રી જૈન હિતેચ્છુ સભાની જૈન વિદયાશાળામાં શ્રી જૈન ગ્નાનવરધક સભાના પ્રમુખ પાસેથી

લીમડીઃશ્રી જૈન ઉદયોતક સભાના સેક્રેટરી શા૰ સોવલાલ લખમીચંદ પાસેથી

મહુવાઃશા૰ સુરચંદ સવાઇચંદને ત્યાથી

જૈનરસીકસ્તવનાવળી=૦—૧—૦(માત્ર થોડી છે)

જૈનગ્નાનોદય ક્રા૰૫=૦—૨—૦ ટપાલ ખર્ચ જુદુ માત્ર અડધા આના વાળી ટીકીટ લેવામાં આવશે આ ચોપડી વાજે કંઇ કામ કાજ હોય તો નીચે સહીના કરનારને લખી જણાવવું

શ્રી જ૰ઈ૰વિ૰ઉ૰ સભા૰ તરફથો

સેક્રેટરી

શા૰ સાકેરચંદ તલકચંદ નાણાવટી શુરત.

ઠા૰ ગોપીપુરાના બજારમાં.